શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૭૫ ● તા. ૧૬ નવેમ્બર થી ૨૨ નવેમ્બર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# પ.પૂ. ગુરૂદેવશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબનો ચાતુર્માસ પરિવર્તન



મૈંને હરરોજ ઝમાને કો રંગ બદલતે દેખા હૈ,
ઉમ્ર કે સાથ જિંદગી કો ઢંગ બદલતે દેખા હૈ,
યે જવાની, યે તાકત, યે દૌલત સબ કુદરતકી ઈનાયત હૈ,
વક્ત કી ધારામેં, અચ્છે અચ્છે કો મજબૂર હુએ દેખા હૈ.

– શેખાદમ સાબુવાલા




**નીશિથ આનંદ દંડ**

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પ્રેમ આપવો એ ઉપહાર જ્યારે પ્રેમ પામવો સન્માન છે

ધર્મનો પાયો અહિંસા, સત્ય, દયા, પ્રેમ, કરૂણા અને ભક્તિ છે. ધર્મ એ જીવન છે. આ સાર રૂપે સમજીએ તો જીવનમાં સુખી થવા શું જરૂરી છે એનો ખ્યાલ આવી જાય.

આપણું જીવન દુ:ખી છે તેનું કારણ આપણે એનકેન રીતે હિંસામાં લપેટાયેલા છીએ. ક્રોધ કરવો. કોઈના પર ચીડવું, સામેવાળાનું ભલું ન ઈચ્છવું. વેર ભાવ રાખવો, સામે વાળા પાસે જે છે એ છીનવી લેવાની ભાવના કરવી એ અવ્યક્ત હિંસા જ છે.

સાચું બોલવું અને સાંભળવું એ નિયમ પાળનારા મહામાનવ છે. સાચું બોલવા માટે કોઈ વાત ઘડવી-ગોઠવવી પડતી નથી. ખોટું ખોલવા માટે બનાવટ કરવી પડે છે. એકને અલગ કહ્યું બીજાને એ વાત કહેવા યાદ કરવું પડે છે જેથી વાત ભિન્ન ન થઈ જાય. તોય દસ જણને ખોટી વાત કહેતા ક્યાંને ક્યાં હકીકત દોષ કે ખોટું બ્યાન અપાઈ જાય છે. એ આખરે વાત ખૂલ્લી થઈ જાય ત્યારે ભોંઠું થવું પડે છે.

દયા, પ્રેમ અને કરૂણા એક બીજાની કડી જેમ છે. પ્રેમ એટલે હ્રદયનો સંવેદના ભાવ. પોતાની થકી અન્ય જીવને દુ:ખ ન થાય એવો સ્વભાવ. કશું ન મેળવીને સર્વસ્વ આપી દેવું એનું નામ છે પ્રેમ. પ્રેમ વગર જીવન નથી. ધન દોલત સંપત્તિ હોય પણ કોઈનો પ્રેમ ન મળે તો તેની કિંમત શું? પ્રેમ વિહીન જીવન અધુરૂં છે, અપૂરતું છે.

સંતો કહે છે કોઈને દુ:ખ ન પહોંચાડો, જીવ માત્રને પ્રેમ કરો. અબોલ જીવને સહાનુભૂતિ મળે આપણી દયાથી. પશુ, પક્ષી, સુક્ષ્મ જંતુ પ્રત્યે દયા ધરાવી, કરૂણા રાખવી એ માનવમાત્રનો ધર્મ છે. દયા, કરૂણા, પ્રેમ એ સંવેદના જીવનના અખૂટ સ્રોત છે. કોઈને દુ:ખ જોઈને દિલદ્રવી ઉઠે, આંખો ભીની થઈ છલકાઈ ઉઠે એ ભાવના કરૂણા છે. પીડીત જનને યથાશક્તિ મદદ રૂપ થઈ તેની પીડામાં સહભાગ લેવો આપણો જીવન ધર્મ છે. કોઈ વ્યક્તિનું દુ:ખ જોઈ ઓગળી જવું એ માનવ ધર્મ છે. ગમે તેટલો બદચલન વ્યક્તિ, ખરાબ ચરિત્રનો ઈન્સાન પણ નિસ્વાર્થભાવે કોઈને મદદ કરે તો એ દેવદૂત સમાન છે. આમ દયા, કરૂણા અને પ્રેમ ઈન્સાનને ઈશ્વર જેટલો દરજ્જો આપી શકે એવા સમર્થ છે કઠણ હ્રદય દિલ દ્રવીને દયા, કરૂણા અને પ્રેમની સરવાણી વહડાવે એ સામેવાળા માટે ઈશ્વરતુલ્ય થઈ જાય છે.

ભક્તિ એ માત્ર મંદિર કે પૂજા સ્થળોમાં થતી ક્રિયા નથી. સુક્ષ્મ અર્થઘટન કરીએ તો ભક્તિ એ ઉત્તમ જીવન જીવવાની કલા છે. ભગવાનની મૂર્તિ સમક્ષ કરેલી પૂજા-અર્ચના એ જો ભક્તિ કહેવાતી હોય તો ખોટી વાત છે. ભક્તિ એટલે ઉત્તમ અને સંસ્કારી ધર્મનું પાલન કરી જીવન ગુજારવું. વેપાર, ધંધામાં ઈમાનદારી, સંનિષ્ઠ વ્યવહાર અને ગ્રાહકને ભગવાન માની તેની સાથે સદ્ આચરણ કરવું ભક્તિ છે. સારું બોલવું, સારું સાંભળવું, સ્નેહપૂર્વક વ્યવહાર કરવો, સૌનું ભલું ઈચ્છવું સર્વને પ્રેમ આપવો એ આપણા તરફથી તેમને અપ્રતિમ ભેટ છે, ઉપહાર છે. જે ક્યારે વ્યર્થ નથી જવાનું કારણ કે પ્રેમ એ પ્રભુનો પુરસ્કાર છે. તો સહઆચરણથી સામે વાળાનો પ્રેમ પામવો આપણા માટે મોટું સન્માન છે. આમ પ્રેમ આપીને પ્રેમ પામીને જીવન સાર્થક થાય એવું જીવન જીવીએ તો જીવ્યું સાર્થક થાય.

– જય જ્ઞાતિમૈયા

# પ.પૂ.ગુરૂદેવશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબનો ચાતુર્માસ પરિવર્તન





નાના રતાડિયા સંઘને ચાતુર્માસનો અમૂલ્ય ધર્મ લાભ આપી પ.પૂ.ગુરૂદેવશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો ચાતુર્માસ પરિવર્તન તા.૧૨ નવેમ્બર, મંગળવાર રોજે નાના રતાડિયાથી કોડાય ૭૨ જિનાલય વાજતે ગાજતે પધરામણી કરી હતી. સકળ સંઘના સૌ ઉમળકાથી ચૈત્યવંદન કરી ધન્યતા અનુભવી હતી. તા.૧૭ નવેમ્બર રવિવારના કાંડાગરા મધ્યે દીક્ષા મહોત્સવમાં નિશ્રા આપવા વિહાર કરશે.




# સમસ્ત મહાજનની મહાસમિતિની આગામી બેઠક રવિવારના તા.૨૪ નવેમ્બરના રોજે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનની મહાસમિતિની એક સભા રવિવારના ૨૪ નવેમ્બરના બપોરે ૪ કલાકે વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ ઘાટકોપર(વેસ્ટ) મધ્યે મળશે. જેમાં ગત ૧૪ એપ્રિલની મિટીંગની મિનીટનું વાંચન અને બહાલી. સૌ મહાજનો સાથે સુચારૂપ સંકલન માટે તેમજ સમસ્ત મહાજનની સર્વે જ્ઞાતિ ઉત્થાન પ્રવૃત્તિઓમાં મહાસમિતિના સભ્યોની કાર્યશીલતા તથા અગત્યતા બાબત સમજણ અને માર્ગદર્શન. સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓ દ્વારા હાલમાં થઈ રહેલ કાર્યોની જાણકારી અને પોતાના ગામ લેવલે સહાયરૂપ થવા માર્ગદર્શન આગામી જાન્યુઆરી ૨૦૨૦માં શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. એકમના સહિયારે યોજાનારા યુવા મિલનની જાણકારી તેમજ જવાબદારીઓ બાબતે માર્ગદર્શન ઉપરાંત પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબત જે રજૂ થાય તેના પર ચર્ચા વિચારણા કરી ઘટતું કરવા બાબતો હાથ ધરાશે.

સભાની કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલ સભા તેજ સ્થળે, તેજ દિવસે મુકરર સમયથી એક કલાક બાદ મળશે જે કાર્ય સૂચીમાં જણાવ્યા સિવાય અન્ય કોઈ કામકાજ થઈ શકશે નહીં, સભાની શરૂઆતે ચા-કોફીની વ્યવસ્થા રહેશે.

સભામાં હાજરીની જાણ મેસેજ અથવા વોટ્સએપ દ્વારા જાણ કરવાની સૂચના સેક્રેટરી જનરલ દ્વારા અપાઈ છે.

# કે.ડી.ઓ. જીવીસી સંઘ દ્વારા નવા વર્ષે દાંડિયા રાસ રમઝટ

કચ્છી દશા ઓસવાલ ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર (જીવીસી) સંઘ દ્વારા તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૦ બુધવારના કોઈપણ વિસ્તારમાં રહેતી કેડીઓ જીવીસી સંઘની નિયાણી બહેનો તથા સહપરિવાર માટે દાંડિયા રાસનું આયોજન કરાયું છે. જેમાં સૌ નિયાણી બહેનો સહપરિવાર પધારી કાર્યક્રમમાં ચાર ચાંદ લગાડી સફળ કરવાનું નિમંત્રણ છે. આ માટે સહુ પોતાની નિયાણીઓના નામ અને સંપર્ક નંબર એરિયા ગ્રુપમાં મોકલી આપવા જેથી વહેલી તકે નિયાણી બહેનોનો સંપર્ક સંઘ દ્વારા કરી શકાય.




# અરિહંત બેંકના ચેરમેન હિરાચંદ દંડને માનદ્ ડૉક્ટરેટ પદવી એનાયત

તા. ૩૧ ઓક્ટોબરના યુ.કેની કોમનવેલ્થ યુનિવર્સિટીએ હિરાચંદ દંડને માનદ્ (ઓનરરી) ડોક્ટરેટની પદવી એનાયત કરી તેમણે વિવિધક્ષેત્રે બજાવેલી ઉત્તમ સેવાઓની કદર કરી છે. હિરાચંદ દંડ અરિહંત કો. ઓપ બેન્કનું ચેરમેન પદ, પ્રકાશ સમીક્ષા સામયિકનું તંત્રીપદ અને ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાનું સેક્રેટરીપદ પણ શોભાવી રહ્યાં છે. ગુર્જરમાત પરિવાર હિરાચંદભાઈને આ અનન્ય સન્માન બદલ અભિનંદન આપે છે.




# ડૉંબિવલી સંઘમાં પ.પૂ.મ.સા.ની પુણ્યતિથિએ ઋષિમંડલ મહાપૂજન દ્વારા ધર્મ આરાધના કરાઈ







શ્રી ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સા.શ્રી પુણ્યોદયશ્રી મ.સા.ની ૧૯મી પુણ્યતિથિ નિમિત્તે ઋષિમંડળ મહાપૂજન દ્વારા ધર્મ આરાધના પ.પૂ.સા.શ્રી તિર્થગુણાશ્રી મ.સા. આદિની પાવનકારી નિશ્રામાં કરાઈ. વિધિકાર કેશવજીભાઈ ગઠાના સથવારે ભણાવામાં આવેલ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહી ધર્મભક્તિનો અનન્ય લાભ લીધો હતો.





# મુલુંડ પૂર્વ અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીજીનો વિહાર







મુલુંડ(પૂર્વ) અચલગચ્છ જૈન સંઘમાં તા.૧૫ નવેમ્બર શુક્રવાર રોજે પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી લક્ષલિના શ્રીજી મ.સા.નો વિહાર ઋષભ અજિત જિનાલય થાણા તરફ સુખ સાતાપૂર્વક થયો. સમગ્ર ચાતુર્માસનો ધર્મ, ભક્તિ આરાધનાનો લાભ પામી સકળ સંઘના સૌ જનો ભાવ વિહોર હૈયે જોડાયા હતા.

# તિરુપુરમાં રક્તદાન કેમ્પનું આયોજન કરાયું





તા.૧૫ નવેમ્બર શુક્રવારનાં સવારે ૯.૩૦ કલાકથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પ્રાચી એક્સપોર્ટ દ્વારા રાઉન્ડ ટેબલ, એચ.ડી.એફ.સી. બેંક, મુયારચી મક્કલ અજાઈપુના સંયુક્ત સહયોગથી પ્રાચી એક્સપોર્ટ સિડકો ડિવીજન કેમ્પ સ્થળે યોજાયો. બ્લડ કેમ્પનું ઉદ્‌ઘાટન નેશનલ સપ્લાય હાઉસ કન્વીનર પંકજ ભૈયા એરીયા ચેરપર્સન રાઉન્ડ ટેબલ શ્રીમતી શિવાની દાલમીયા, પ્રાચી એક્સપોર્ટના સીઓઓ હાર્દિક છેડા દ્વારા કરાયું. સતિષ એચ.નાગડાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું. શ્રીમતી હીરલ છેડા એ સૌ મહેમાનોનું મોમેન્ટો આપી બહુમાન કર્યું હતું.

ડૉ.ચંદ્રશેખર અને ધારાપુરમ ગવર્મેન્ટ હૉસ્પિટલની તેમની ટીમ એ ૮૮ યુનિટ બ્લડ જમા કર્યું હતું. જે જરૂરિયાતવાળા દર્દીઓ માટે હતું. કેમ્પના પ્રથમ ડોનર પ્રાચી એક્સપોર્ટના ચીફ ઓપરેટીંગ ઓફિસર હાર્દિક છેડા હતા. સૌ માટે સવારનાં અલ્પાહાર અને બપોરના ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ. સતિષ એચ.નાગડા એસ.એમ.આર. પ્રાચી એક્સપોર્ટ અને મેનેજર પ્રાચી એક્સપોર્ટ શ્રી શિવકુમાર એ કેમ્પની વ્યવસ્થા આયોજન કર્યું હતું. એચ.ડી.એફ.સી. બેંકના મહેશકુમાર અને મુયારસી મક્કમ મક્કલ અમાઈપુના સેક્રેટરી પરમ શિવમ એ સૌ બ્લડ ડોનરને સર્ટિફીકેટ પ્રદાન કર્યા હતા. એચ.ડી.એફ.સી. બેંક દ્વારા સૌ ડોનરોને ફળો અપાયા હતા. આજ દિવસે પ્રાચી એક્સપોર્ટ પ્રિમાઈસીસ અને તેના આસપાસના વિસ્તારમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણી માટેનો પ્રોગ્રામ કરાયો હતો.

## આદિપુર સંઘમાં મ.સા. આદિઠાણાના ચાતુર્માસ પરિવર્તન ભવ્યતાથી થયા

કચ્છ આદિપુર સંઘમાં સકળ સંઘને ધર્મ આરાધના અને ભક્તિનો અલભ્ય લાભની લ્હાણી કરી પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિઠાણાના ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે ઠાણા ઓ ઠાણા પ્રસંગે સકળ સંઘની અનન્ય હાજરી રહી હતી. સંઘના સૌ ભાઈ-બહેનો ઉમેટભેર જોડાઈ ભાવ વિહોર લાગણી અનુભવી હતી.



## સાંગલી સંઘમાં પ.પૂ.મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ પરિવર્તન





સાંગલી અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.આ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે સકળ સંઘની ભવ્ય ઉપસ્થિતિ રહી. ચાતુર્માસ ધર્મ અને ભક્તિ આરાધનાનો લાભના ધન્યતાથી સંઘ કૃતાર્થ થયું હતું.

## ચાલીસગામ સંઘમાં ચાતુર્માસ પરિવર્તન ઠાણા ઓ ઠાણા સંપન્ન





મહારાષ્ટ્રના ખાન દેશ પ્રદેશના ચાલીસ ગામ સંઘમાં સાધ્વી ભગવંત પ.પૂ.શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે ઠાણા ઓ ઠાણા સકળ સંઘની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ.

# વર્ધમાન નગર ભુજોડીમાં ચાતુર્માસ પરિવર્તન સંપન્ન





કચ્છ ભુજના વર્ધમાન નગર ભુજોડી સંઘમાં પ.પૂ.સા.શ્રી કેવલ્યપ્રિયાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પરિવર્તન અવસરે સકળ સંઘની ભવ્ય ઉપસ્થિતિ રહી હતી.






જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

અથવા વૉટસએપ પર મોકલો

9322257731



# શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ મુલુંડમાં ઠાણા-ઓ-ઠાણા સંપન્ન

મુલુંડ(વેસ્ટ) ઝવેર રોડ દેરાસરમાં ચાતુર્માસ પરિવર્તન નિમિતે મંગળવાર તા.૧૨ નવેમ્બરનાં પ.પૂ. કમલપ્રભસાગર મ.સા. આદિઠાણા પાંચ ઠાણા-ઓ-ઠાણા કરીને એશરપાયર રસીડેન્સી સર્વોદય નગરે પધાર્યા હતા. નવકારશી સહ ઠાણા-ઓ-ઠાણાના લાભાર્થી માતુશ્રી દેવકાંબાઈ કેશવજી ઠાકરશી ગડા-બાડાએ લીધો હતો.

સવારે ૮.૧૫ કલાકે વ્યાખ્યાન, ત્યારબાદ ૯.૧૫ કલાકથી નવકારશીનો લાભ પધારેલ સર્વે ભાઈ-બહેનોએ લીધો હતો તેમજ ૧૦ વાગ્યે સમૂહ ચૈત્યવંદન કરીને ૧૦.૩૦ કલાકે ઝવેર રોડ દેરાસરથી પૂજ્યશ્રીનું સકલશ્રી સંઘ સાથે પ્રસ્થાન ચાતુર્માસ પરિવર્તન કરી પૂજ્યશ્રી લાભાર્થીના નિવાસ સ્થાને આખો દિવસ સ્થિરતા કરી હતી.








## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાંડુપ સંઘમાં ઠાણા ઓ ઠાણા





ભાંડુપ સંઘમાં તા.૧૨ નવેમ્બર મંગળવાર રોજે ચાતુર્માસ પરિવર્તનના ઠાણા ઓ ઠાણા પ.પૂ.વિરગુણાશ્રીજી આદિઠાણાનો લાભ માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા બાંઢિયાવાળા પરિવાર એ લીધેલ. તેઓશ્રીના નવા ટાવર પ્રથમેશ પર્લમાં મ.સા.ની સાથે સકળ સંઘના પગલાં થયા. નવકારશી સધાર્મિક ભક્તિ અને ચોવિહાર સાથે સિદ્ધ ચક્ર આરાધના, દેશવાસ્કિ સામયિક લાભાર્થીના નવા ઘરે પ.પૂ.વિરાગુણાશ્રીજીની નિશ્રામાં ભવ્યતાથી સંપન્ન થયા.















# Congratulations We Satisfied & Justified the Patient

| Case-11 Patient - Mr. Padamshi Vershi Soni, Vanku, Chalisgaon | |
|---|---|
| **Lifetime Patron** | **Donation (In R** |
| Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Narshi Natha Medical Trust, Mumbai Mahajan | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Matushree Purbai Lakhamshi Lalka Che. Trust , Kutch (10K ) | 2,500.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Shri. Pankaj Lakhmichand Dharamshi | 1,000.00 |
| Shri Kumarrbhai B. Dand | 1,000.00 |
| **Diamond Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Mumbai | 15,000.00 |
| Smt Gunvanti Jayantilal Momaya | 5,000.00 |
| **Platinum Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Banglore | 2,500.00 |
| **Gold Patron** | |
| Shri Sunil Khetashi Khona, Surat | 5,000.00 |
| Matushree Nalini Gulabchand Poladia (Shah), Thane | 2,500.00 |
| Shri. Manish Pravin Momaya, Coimbatore | 2,500.00 |
| Adv. Smt. Minal Bharat Khona | 2,500.00 |
| Matushree Gunwanti Laxmichand Luthia, Raydhanjar, Kolkata | 2,500.00 |
| Shri Chimanlal Hirji Khona, Naliya, Matunga | 2,500.00 |
| Shri Virendra Raghavji Lodaya, Bandhiya, Ahmedabad ( Haste Chandreshbha) | 2,000.00 |
| **Silver Patron** | |
| Shri. Kamlesh Manekji Dand, Ankleshwar | 2,500.00 |
| Smt Aruna & Shri. Girish Tokershi Dharmashi, Mumbai | 2,500.00 |
| Matushree Ratanben K Mota Shah ( Rajendra K Mota) | 2,500.00 |
| Shri Dnyanesh Chimanlal Dagha, Varadia, Pune | 2,500.00 |
| Matushree Pushpaben Pravinchandra Lodaya (Haste Mitesh P Lodaya) Bang | 2,500.00 |
| Shri Laxmichand Malshi Jivraj Nagda (Haste Jayesh L M Nagda) Bang | 2,500.00 |
| Shri Gulab H. Chheda ( Haste Nikhil Chheda ) | 2,500.00 |
| Mrs. Veenaben Nagda | 2,500.00 |
| Shri Chandrakant Umarshi Mota (Haste Manjulaben Chandrakant ) | 2,500.00 |
| Shri Ravindra Harish Munwar, Banglore, Jakhau | 2,500.00 |
| Matushree Dhanlaxmi Mulji Lodaya (Haste Nita M Poladia)Dubai ( Dumra) | 2,500.00 |
| Smt Vaishali Lalit Shah, Hyderabad, Varapadhar | 2,500.00 |
| Shri. Mahesh Khimji Lalka, Kutch | 1,000.00 |
| Shri. Dhirendra Anandji Khona Charitable & Memorial Trust, Kutch | 1,000.00 |
| Shri. Arvind Lalji Lodaya (Shah) , Kutch | 1,000.00 |
| Shri. Mitesh Madhukant Dharamshi , Kutch | 1,000.00 |
| Shri. Harish Doongersey Shah Churla , Kutch | 1,000.00 |
| Shri. Bharat Mulji Meisheri,Jakhau, Mulund | 1,000.00 |
| Smt. Javerben Kunverji ( Ramesh ) Mota | 1,000.00 |
| **Individual Donations** | |
| Matushree Bayabai Shamji Mota, Sukhpur, Lonavala | 11,000.00 |
| Shri Pankajkumar Luthia, Nani Khavdi, Sion | 3,900.00 |
| Smt Sarlaben Momaya, Chennai | 2,500.00 |
| Shri Dhirish Dharamshi | 2,500.00 |
| Shri Raichand Malshi Motta | 2,500.00 |
| Shri Damji Narshi Soni, Vanku | 2,500.00 |
| Shri Ramesh Trikamji Soni, Vanku | 2,500.00 |
| Matushree Lilbai Shivji Lodaya | 2,000.00 |
| Shri Dinesh Ramji Lodaya | 2,000.00 |
| Mr. Punamchand Dharamshi, Hubli | 2,000.00 |
| Shri Umeshchandra D Shah (Dharamshi), Banglore | 2,000.00 |
| Anonymous | 1,600.00 |
| Shri Sanyam Chandresh Nagda | 1,000.00 |
| Smt. Lilavantibai Navinchandra Lodaya, Nanikhavdi, Coimbatore | 1,000.00 |
| Shri Rajendrabhai Khona | 1,000.00 |
| Shri Nayan Bheda | 1,000.00 |
| Shri Litin Navin Momaya, Coimbatore | 1,000.00 |
| Smt. Jalpa Uttin Lodaya | 1,000.00 |
| Shri Hans Kumar Chheda | 1,000.00 |
| Mr. Hemant Dhulla | 1,000.00 |
| Shri Dhanpati Hirji Lodaya, Kothara, Kutch | 1,000.00 |
| Shri Jigar Bharat Lodaya | 500.00 |



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની કચ્છ જિલ્લા શાખા દ્વારા કચ્છ કલેક્ટર તેમજ રેડક્રોસ જિલ્લા શાળા પ્રમુખ એસ. નાગરાજનના માર્ગદર્શન હેઠળ નવરાત્રી દરમ્યાન માતાના મઢ જતા પદયાત્રીઓ માટે મિરજાપર તેમજ સુખ પરમાં ત્રણ દિવસ મેડિકલ કેમ્પ યોજયો હતો. જેમાં ૪૦ જેટલા સ્વયંસેવકોએ સેવા આપી હતી. જ્યારે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૨૫ જેટલા સ્વયંસેવકો પદયાત્રી કેમ્પની આસપાસ તથા માર્ગો પરનો કચરો જમા કરી તેનો નિકાલ કર્યો હતો.

● જીવન નવદાયકા પસાર કરી ચૂકેલા ભુજના ડૉ. મહમદ સિધિક અલ્બદુલા માલી (ડૉ. એમ.એસ.માલી) ૧૯૬૯ થી વર્ષ ૨૦૦૪ સુધી દર શરદપૂનમની રાત્રિએ દમના દર્દીઓ માટે દૂધમાં આયુર્વેદિક ઔષધિ નાખી તેને રાતભર ચાંદનીમાં રાખી તૈયાર કરેલી ખીર પરોઢે આરોગવાથી દમના દર્દીને રાહત મળે છે. આ કેમ્પ ખાસ કારણોસર વર્ષ ૨૦૦૪ થી બંધ કરાયો ત્યાં સુધી આ વિશિષ્ટ કેમ્પનો લાભ અસંખ્ય દર્દીઓએ લીધો હતો. આ કેમ્પ નિઃશુલ્ક ધોરણે થતો હતો. હવે રાપરના જલારામ મંડળ દ્વારા શરદપૂનમ કેમ્પ તેમના માર્ગદર્શનમાં યોજાય છે.

● અયોધ્યાના પૂર્વ સાંસદ તથા રામમંદિર નિર્માણ સમિતિના કાર્યકારી અધ્યક્ષ પીઠાધિશ્વર સ્વામી રામવિલાસ દાસ વેદાન્તજી માંડવી તાલુકાના કોડાય નજીક આવેલા જૈન સંપ્રદાયના ૭૨ જિનાલયના ખાસ નિરીક્ષણ અર્થે મુલાકાત લીધી હતી. અયોધ્યા ખાતે નિર્માણાધીન રામમંદિર આવુ જ વિશાળ તેમજ ભવ્ય બને તેવી નેમ વ્યક્ત કરી હતી.

● છેલ્લાં ત્રણ ચાર વર્ષો અછત જેવા પસાર થયા પછી ચાલુ વર્ષે માગ્યા મેહ મળતાં કચ્છની સમગ્ર પાવરપટ્ટીના સીમાડા લીલાછમ મોલ નિહાળી સૌ સંતોષ પામી રહ્યાં છે. તેવા જ સમયે કુદરતી કહેર રૂપ એરંડા, મગ અને ગુવારના પાકમાં ઈયળનો ઉપદ્રવ વધતા કૃષિ પુત્રોના ચહેરા પર ચિંતાની લકીર તણાઈ છે. ઉપદ્રવને અંકુશમાં લેવા લોકો પીઠ પર દવાના પંપ ગોઠવી રાત દિવસ છંટકાવ કરી દોડધામ કરે છે.

● વિશ્વ હેપીનેસ રિપોર્ટ (ડબ્લ્યુ એચ આર.)ના વર્ષ ૨૦૧૯ ના જાહેર થયેલા હેવાલમાં ૧૫૬ દેશોમાંથી ભારતનો ક્રમ ૧૪૦મો હતો. એટલે કે દેશના લોકો કેટલા ખુશ છે. તેના ક્રમમાં ભારત ઘણું પાછળ છે. પરંતુ વિશ્વમાં ત્રીજો ક્રમ મેળવ્યો છે. એવા ડેન્માર્ક વાસીઓ જેટલા ખુશખુશાલ જીવન વિતાવે છે ભુજવાસીઓ. કચ્છ યુનિવર્સિટીના કોર્મસ એન્ટ મેનેજ મેન્ટ વિભાગના વિદ્યાર્થીઓએ તેમના પ્રોજેક્ટ હેપીમેસ અંતર્ગત શોધેલ છે. વૈશ્વિક સંશોધન પદ્ધતિ અને પરિબળ પર જ આધાર રાખીને ૩૪ વિદ્યાર્થીઓ ત્રણ મહિનાના પુરૂષાર્થથી અલગ અલગ પરિબળ આધારિત સંશોધન કરતાં ભુજનો ઈન્ડેક્સ ડેન્માર્ક જેટલો ૭.૫૫ આવ્યો હતો. ૨૭૦૦થી વધુ લોકો જેમાં ગરીબ, તવંગર અને બધા જ વિસ્તારોને આવરી લઈ આ સર્વેક્ષણ કરાયું હતું.

● તીર્થધામ નારાયણ સરોવર ખાતે કમલધામ પરિસરમાં રામાનંદી સાધુ સમાજ દ્વારા વૈષ્ણભવનનું શિલાન્યાસ કરાયું આ અવસરે રૂા. એકવીસ લાખું ભંડોળ જમા થયું હતું. હવન, મહાઆરતી અને સંતવાણીના કાર્યક્રમ યોજાયા હતા. કચ્છ, મુંબઈ, રાજસ્થાન, ગુજરાત સ્થળેથી આગેવાનો તથા સંત સમાજની મૂર્તિઓ ઉપસ્થિત રહી હતી.

● અબડાસા તાલુકાના ધોરાડ અભ્યારણ્યની આસપાસ પવન ચક્કીઓ કાર્યરત હોવાથી હવે અલભ્ય પક્ષીઓ ધોરાડ અભ્યારણ્યમાં રહેતા નથી. એટલું જ નહીં બે ધોરાડનો પવન ચક્કીએ ભોગ લીધો અને રાષ્ટ્રીય પક્ષી મોર સહિત ૧૦ થી ૧૨ પક્ષીઓનો પવન ચક્કીઓ એ ભોગ લેતા આ વિસ્તારના ગ્રામ જનોમાં નારાજગત પ્રસરી છે. લાલા ગામના ખેડૂત અગ્રણી અને માજી સરપંચ અહમદભાઈ સંધારના જણાવ્યાનુસાર અભ્યારણ્યની હદથી બે કિ.મી ના અંતર પછી પવન ચક્કીઓ લગાડવાની હોય છે. પણ ૭ ચક્કીઓ ૩૧૭ મીટરથી ૧૨૦૦ મીટરના અંતરે લાગેલી હોવાથી બે કિ.મીનો નિયમ જળવાયો નથી.

## અમારૂં નવું સરનામું અને ફોન

**ભરતકુમાર ધનજી હેફા** — એ ૩/ ૧૦૫, પહેલા માળે, નિલકંઠ વેલી, ઠોકલી નાકા, કોલશેત રોડ, થાણા (વેસ્ટ), ૪૦૦૬૦૭. મહારાષ્ટ્ર-ભારત.
મો. નં. 98331 72890

# ક.દ.ઓ. જૈન સમાજ વડોદરામાં સંઘ શિરોમણિની છબીનું અનાવરણ



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાની ૪૧મા વર્ષની સામાન્ય સભા તા.૨૪ નવેમ્બર રવિવારના સવારના ૧૦ કલાકે કે.ડી.ઓ. ભવનમાં રાખવામાં આવેલ છે પરિપત્ર મુજબ સામાન્ય સભાની કાર્યવાહી થશે.

સામાન્ય સભા બાદ વડોદરા સંઘ શિરોમણિ સ્વ.શ્રી ઠાકરશી પદમશી પનપારીયાની છબી-પાનમૂર્તિનું અનાવરણ સમાજની ઓફિસમાં કરાશે.

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**







शुरु किजिए
गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો
બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.

NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day



One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

Give more to life

For details
Contact : 8850840380

Plan the present, secure the future.
Get a Family Insurance!



insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900
# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO